# સ્વર્ણિમ સ્ટાર્ટઅપ યુનિવર્સિટી દ્વારા ફાઉન્ડેશન ડેની ઉજવણી






ગાંધીનગર, તા. ૧

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી એ ભારત દેશ ની સૌ પ્રથમ સ્ટાર્ટઅપ યુનિવર્સિટી છે, જેમાં રોજિંદા ભણતરની સાથે સાથે વિદ્યાર્થીઓને એન્ટર-પ્રિનીયરશીપ, સ્ટાર્ટઅપ, ઈનોવેશન, બિઝનેસ કેવી રીતે કરવો તેની તાલીમ આપવામાં આવે છે. યુનિવર્સિટીએ તેના બે વર્ષના સમય દરમ્યાન વિવિધ ક્ષેત્રે ખુબ પ્રગતિ કરી છે. ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ સ્ટાર્ટઅપ પર અત્યારે પોતાના પ્રોજેક્ટસ બનાવી રહ્યા છે. ૦૪ આઈડિયાને સ્ટાર્ટઅપ માટે પેટન્ટ કરાવ્યા છે.

યુનિવર્સીટી દ્વારા ફાઉન્ડેશન ડે અંતર્ગત જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્ટાર્ટઅપ સ્પર્ધા, રમતોત્સવ, સાંસ્કૃતિક કાર્યક્રમો, વિવિધ કોલેજ ડે, ફેશન શૉ, મનોરંજન સ્પર્ધાઓ જેમ કે ટ્રેઝર હન્ટ,રસ્સી ખેંચ,હાઉસી, લીંબુ ચમચી, થ્રી લેગેડ રેસ, સેક રેસ, સંગીત ખુરશી, ટેલેન્ટ હન્ટ ટશનબાજ વિગેરેનો સમાવેશ થાય છે. ફાઉન્ડેશન ડેના કાર્યક્રમમાં યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ રિષભભાઈ જૈન, ઉપપ્રમુખ આદિ જૈન, મૅનેજિંગ ડિરેક્ટર રિશી જૈન અને વિશાલ સાવલિયા, કુલપતિ ડો.બાલા ભાસ્કરન તથા બોર્ડ મેમ્બર સુનિતા જૈન અને વીંજલ જૈન ઉપસ્થિત રહ્યા હતા.

સ્ટાર્ટઅપ અધિગમ ૨૦૧૯ અંતર્ગત વિદ્યાર્થીઓએ ૧૦૦થી વધુ સ્ટાર્ટઅપ પ્રોજેક્ટસ મોડેલ્સના સ્વરૂપે રજુ કાર્ય હતા. સોલાર મોબાઈલ ચાર્જર, ધાર્મિક સ્થળોએ ફુટ ક્લીનર, બાયોમેટ્રિક હાજરી સેન્સર વાયરલેસ, સોલાર છત્રી,રિસાઈકલ કરેલા કાગળો માં થી બનાવેલી ડાયરી, રૂમ તાપમાન આધારિત એક્ઝોસ્ટ ફેન સ્પીડ કંટ્રોલ સિસ્ટમ, શારીરિક રીતે પડકારવાળા લોકો માટે ફુટ સ્ટીયરિંગ મિકેનિઝમ, ડેનિમ શૂઝ જેવા વિવિધ ઈનોવેટિવ પ્રોટોટાઈપ ડિઝાઈન બનાવીને તેને રજુ કરાયા હતા. પ્રથમ સ્થાન ઑટોમૅટિક બેબી ક્રેડલ (ઘોડિયું)ને એનાયત કરવામાં આવ્યું હતું જે એન્જિનિરીંગ શાખાના વિદ્યાર્થીઓ યશ શાહ અને આદિત્ય રાજપૂત દ્વારા બનાવામાં આવ્યું હતું. દ્વિતીય ઈનામ એન્જિનિરીંગ શાખાના વિદ્યાર્થીઓ પ્રજ્ઞેશ પટેલ અને આકાશ દેસાઈ દ્વારા બનાવામાં આવેલ ઑટોમૅટિક વિન્ડો ક્લોઝર પ્રોજેક્ટને એનાયત થયું હતું. તૃતીય ઈનામ સોલાર છત્રી મોડેલ કે જે જય પ્રજાપતિ અને કમલ પટેલ દ્વારા બનાવામાં આવેલ હતું તેમને મળ્યું હતું.

આ ઉપરાંત, ૩ સ્ટાર્ટઅપ્સ, પેપર મિક્સિંગ મિકેનિઝમ, હાઈબ્રીડ વહીકલ અને ગૅરેજકોનને યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ રિષભ જૈનના હસ્તે રૂપિયા ૧,૦૦,૦૦૦ ની નાણાકીય સહાય કરવામાં આવી હતી, જેના ચેક વિદ્યાર્થીઓને એનાયત કરવામાં આવ્યા હતા.

## જન્મદિને વધામણી



**મમતા રાવલ**
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### શ્રી સ્વામિનારાયણ પોલીટૅકનીક ખાતે

# વાર્ષિકોત્સવ 'નવરસ-૨૦૧૯' યોજાયો




માણસની સમજણ સાથે એના જીવનમાં વિવિધ પ્રકારના રસ ભળતા જાય છે, જે થકી કોઈપણ માણસ પોતાની લાગણીઓ અન્ય વ્યક્તિ સામે વ્યક્ત કરી શકે છે. આવા જ રસની સમજણ અને ઓળખ કરાવતો વાર્ષિકોત્સવ 'નવરસ-૨૦૧૯' શ્રી સ્વામિનારાયણ પોલીટૅકનીક ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે રાજા રામ પ્રતામ, ઉમેશ પટણી, ધીરજ પુજારા અને જિજ્ઞેશ પટેલ તથા સંસ્તાના ચેરમેન રામકૃષ્ણ સ્વામીજી, મેનેજિંગ ટ્રસ્ટી અક્ષરપ્રકાશ સ્વામીજી અને કૃષ્ણ વલ્લભ સ્વામીજી, સંસ્થાના ડિરેક્ટર પ્રૉ. ધર્મેશ વંડરા અને ઍકેડૅમિક ડિરેક્ટર પ્રૉ. ભાવિક શાહ, પ્રૉ. હિતેશ વંડરા હાજર રહ્યા હતા.

વાર્ષિકોત્સવમાં પધારેલા મહાનુભાવોએ સફળ જીવનની ચાવીઓ અને જીવનના અગત્યના નવરસ વિશે વિવિધ માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. શિક્ષણ ઉપરાંત ઈતર પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેનારા વિદ્યાર્થીઓને ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. નવરસ અંતર્ગત વિદ્યાર્થીઓએ હાસ્ય, ભયાનક, કરૂણ, અદ્ભૂત, શ્રીંગાર જેવા વિવિધ રસ અન્વયે સંદેશાસભર કૃતિઓની પ્રસ્તુતિ કરી હતી.

# ગુજરાત ચેસ એસો. દ્વારા સમર કોચિંગ કૅમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશન દ્વારા નિઃશુલ્ક સમર કોચિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. શુકન ટાવરના ભોંયરામાં, જજીસ બંગલો સામે, બોડકદેવ, અમદાવાદ ખાતે સવારે ૯થી બપોરે ૧૨ અને બપોરે ૨.૩૦થી ૪ દરમિયાન આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. શેખર ચંદ્ર શાહુ, મયુર પટેલ અને જોય ચૌહાણ જેવા ઍક્સપર્ટ કોચીસ દ્વારા તાલીમાર્થીઓને ચેસની તાલીમ આપવામાં આવશે. ખેલાડીઓનું રજિસ્ટ્રેશન વહેલા તે પહેલાના ધોરણે કરવામાં આવશે.

આ અંગેની વધુ માહિતી માટે સંસ્થાના સેક્રેટરી ભાવેશ પટેલ (મો. ૯૪૨૬૦ ૬૪૭૦૨)નો સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભીલોડા વિસ્તારમાં સેવાકાર્યો





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સુનોક, ગડાદર અને ખારીમાં કુલ ૧૨૧ લાભાર્થીઓને ૩ કિગ્રા ચોખા, ધાણી તથા પેરાસીટામોલની ટેબલેટ્સ આપવામાં આવી હતી. આ સાથે ભીલોડા તાલુકાના ભુસડીયા વિસ્તારની પુજારી ટીંબા, નવાધરા તથા દોલપુર શાળામાં તમામ વિદ્યાર્થીઓને કપડાં ભેટ ધરવામાં આવ્યાં હતાં.

ગડીયા તથા મેરાવડામાં તમામ બાળકોને નાસ્તો આપવામાં આવ્યો હતો. પાંચેય સ્કૂલ્સના વિદ્યાર્થીઓને પૅન્સિલ, રબર અને પૅન આપવામાં આવી હતી. સંસ્થા તરફથી નિખિલભાઈ, મિલિન્દભાઈ, મહર્ષિ અને અન્ય કાર્યકર્તાઓ આ સેવાકાર્યોમાં જોડાયા હતા.

# ઐક્યની ઝંખના

॥ ત્રીજો મણકો ॥

ગમે તેની સાથે કાગળ મોક્લવાની ઈચ્છા નહોતી. કોઈ પવિત્ર માણસની મારફત કાગળ જાય તો સારું એમ મને લાગ્યું. દીનબંધુ અને સુધીલ રુદ્રે ભલા રેવ. આયરલૅંડનું નામ સૂચવ્યું. તેમને કાગળ વાંચી તે તેમને શુદ્ધ લગે તો તે લઈ જવાનું કબૂલ કર્યું. કાગળ ખાનગી નહોતો જ. તેમણે વાંચ્યો, તેમને ગમ્યો ને લઈ જવા રાજી થયા. મેં બેજા વર્ગનું રલ ભાડું આપવાનું કર્યું. પણ તે લેવાનો તેમણે ઈન્કાર કર્યો ને રાત્રીને મુસાફરી છતાં ઈન્ટરની ટિકિટ જ લીધી. તેમની સાદાઈ, સરળતા અને સ્પષ્ટતા ઉપર હું મોહિત થયો. આમ પવિત્ર હાથે અપાયેલા કાગળનું પરિણામ મારી દ્રષ્ટિએ સારું જ આવ્યું. મારો માર્ગ તેથી સાફ થયો.





મારી બીજી જવાબદારી રંગરૂટની ભરતી કરવાની હતી. હું આ યાચના ખેડામાં નહીં તો ક્યાં કરૂં? મારા સાથીઓને પ્રથમ ન નોતરું તો કોને નોતરું? ખેડા પહોંચતાં જ વલ્લભભાઈ ઈત્યાદિની સાથે મસલત કરી. તેમનામાંના કેટલાકને તુરતઘૂંટડો ન ઊતર્યો. જેમને વાત ગમી તેમને કાર્યની સફળતા વિષે શંકા આવી. જે વર્ગમાંથી ભરતી કરવી અહ્તી તે વર્ગને સરકાર પ્રત્યે કશું વહાલ નહોતું. સરકરના અમલદારોનો થયેલો કડવો અનુભવ હજુ તાજો જ હતો.

છતાં કાર્યારંભ કરવાની તરફેણમાં બધા થયા. આરંભ કર્યો કે તુરત મારી આંખ ઉઘડી. મરો આશાવાદ પણ કંઈક ઢીલો થયો. ખેડાની લડતમાં લોકો પોતાની ગાડી મફત આપતા, એક સ્વયંસેવકની હાજરીની જરૂર હોય ત્યાં ત્રન ચાર મળી રહે. હવે ગાડી પૈસા આપતાં પણ દોહ્યલી થઈ પડી. પણ એમ અમે કંઈ નિરાશ થઈએ એવા નહોતા. ગાડીને બદલે પગપાળા મુસાફરી ઠરાવ્યું. રોજ વીસ માઈલની મજલ કરવાની હતી. ગાડી ન મળે તો ખાવાનુંક્યંથી જ મળે? માગવું એ અણ બરોબર નહીં. તેથી પ્રત્યેક સ્વયંસેવક પોતાન ખાવા પૂરતુ પોતાના દફતરમાં લઈને નીકળે એમ નક્કી કર્યું. મોસમ ઉનાળાની અહ્તી એટલે ઓઢવાનું કંઈ સાથે રાખવાની આવશ્યકતા નહોતી.

જે જે ગામ જતા ત્યાં સભા ભરતા. લોકો આવતા, પણ ભરતીમાં નામ તો માંડ એક બે મળે. ' તમે અહિંસાવાદી એક અમને હથિયાર લેવાનું કહો છો?' 'સરકારે હિંદનુમ્ શું ભલું કર્યું છે કે તમે મને મદદ દેવાનું કહો છો?' આવા અનેક જાતન પ્રશ્નો મારી આગલ મુકાતા.

આમ છતાં ધીમે ધીમે અમારા સતત કાર્યની અસર લોકો ઉપર થવા લાગી હતી. નામો પ્રમાણમાં ઠીક નોંધાવા લાગ્યાં, ને જો પહેલી ટુકડી નીકળી પડે તો બીજાને સારુ માર્ગ ખુલ્લો થશે એમ અમે માનતા થયા. રંગરૂટ નીકલી પડે તેમને ક્યાં રાખવા વગેરે ચર્ચા હું કમિશનરની સાથે કરતો થઈ ગયો હતો. કમિશનરો ઠેકાણે ઠેકાણે દિલ્હીના નમૂના ઉપર સભાઓ ભરવા લાગ્યા હતા. તેવી ગુજરાતમાં પણ ભરાઈ. તેમામ્ મને અને સાથીઓને જવાનું આમંત્રણ હતું. અહીં પન હું હાજર થયો હતો. પણ જો દિલ્હીમાં હું ઓછો શોભતો જણાયો તો અહીં તેથી પણ વધરે ઓછો શોભતો મને લાગ્યો. હાજીહાના વાતાવરણમાં મને ચેન નહોતું પડતું. અહીં હું જરા વિશેષ બોલ્યો હતો. મારા બોલવામાં ખુશામત જેવું તો નહોતું જ, પણ બે કડવાં વેણ હતાં.

રંગરૂટની ભરતીને અંગે મેં પત્રિકા કાઢી હતી તેમાં ભરતીમાં અવવાના નિમંત્રણમાં એક દલીલ હતી તે કમિશનરને ખૂંચી હતી. તેનો સાર આ હતો : 'બ્રિટિશ રાજ્યના ઘણા અપકૃત્યોમાંથી આખી પ્રજાને શસ્ત્રરહિત કરવાના કાયદાને ઈતિહાસ તેનું કાળામાં કાળું કામ ગનશે. આ કાયદો રદ કરાવવો હોય અને શસ્ત્રનો ઉપયોગ શીખવો હોય તો આ સુવર્ણ તક છે. રાજ્યની આપત્તિને કાળે મધ્યા વર્ગ સ્વેચ્છાએ મદાદ્ કરશે તો અવિશ્વાસ દૂર થશે, અને જેને શસ્ત્ર ધારણ કરવાં હશે તે સુખેથી ધારણ કરી શકશે.' આને ઉદેશીને કમિશ્નરને કહેવું પડ્યું હતું કે, તેમની ને મારી વચ્ચે મતભેદછતાં તેમને સભામાં મારી હાજરી પ્રિય હતી. મારે પણ મારા મતનું સમર્થન બની શક્યું તેટલા મીઠા શબ્દોમાં કરવું પડ્યું હતું.

ઉપર જે કાગળનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેનો સાર નીચે આપવામાં આવે છે :

યુદ્ધ પરિષદમાં હાજરે આપવા વિષે મને આનાકાની હતી, પણ એ આપને મળ્યા પછી દૂર થઈ છે,અને તેનું એક કારણ એ અવશ્ય હતું કે, આપના પ્રત્યે મને બહુ આદર છે. (ક્રમશઃ)

- **'સત્યના પ્રયોગો'માંથી સાભાર**

### ગણપત યુનિવર્સિટીની એક અંગભૂત કૉલેજ 'મહેસાણા અર્બન ઈન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સિસ'ના

# વાર્ષિકોત્સવ 'સિનર્જી-૨૦૧૯'ની શાનદાર ઉજવણી




ગાંધીનગર, તા. ૧

ગણપત યુનિવર્સિટીની એક અંગભૂત કૉલેજ 'મહેસાણા અર્બન ઈન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સિસ'ના વાર્ષિકોત્સવ 'સિનર્જી-૨૦૧૯'ની તાજેતરમાં શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

મૂળ ભાવનગરના વતની અને અમદાવાદની ફિઝીકલ રિસર્ચ લૅબોરેટરીમાં વીસ વર્ષ સુધી સાયન્ટીસ્ટ અને પ્રૉફેસર તરીકે સેવાઓ આપ્યા પછી અમેરિકાની ઑક રિઝ નેશનલ લેબોરેટરી, યુનિવર્સિટી ઑફ ટૅક્સાસ, નેશનલ કેન્ટુકી યુનિવર્સિટી, મિસીસિપી અને ફ્રાંસની લૂઈસ પેસ્ટર યુનિવર્સિટી જેવી સંસ્થાઓમાં પણ અભ્યાસ-સંશોધનનો વ્યાપક અનુભવ ધરાવતા ડૉ. કુમાર ભટ્ટે 'સિનર્જી-૨૦૧૯'ના અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડ્યાં હતાં.

સિનર્જીના શુભારંભ સમારોહમાં ગણપત યુનિવર્સિટીના પેટ્રન ઈન ચીફ અને પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ, યુનિવર્સિટીના ડેપ્યુટી ડિરેક્ટર પ્રૉ. ડૉ. આર કે પટેલ, સાયન્સ ઈન્સ્ટીટ્યુટના પ્રિન્સિપાલ પ્રૉ. ડૉ. અમિત પરીખ, યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાના વડાઓ, પ્રાધ્યાપકો, ટ્રસ્ટી ગિરીશભાઈ દેસાઈ, નટુભાઈ પટેલ, મંજુલાબેન ગણપતભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારોહમાં ઈન્સ્ટીટ્યુટના આચાર્ય અમિતભઆઈએ સંસ્થા દ્વારા થયેલી વિવિધ શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિગતવાર અહેવાલ રજૂ કર્યો હતો.

વર્ષ દરમિયાન અભ્યાસ અને અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેનારા વિદ્યાર્થીઓને ઈનામો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

મોડી સાંજે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધતાસભર સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરી હતી. કાર્યક્રમ અંતર્ગત ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદના સહયોગથી વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા ટેસ્ટનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

સાયન્સ ઈન્સ્ટીટ્યુટના ફેકલ્ટી મેમ્બર્સ માટે કુમાર ભટ્ટનું એક વિશેષ વ્યાખ્યાન પણ યોજાયું હતું, જેમાં તેમણે સાયન્સ એન્ડ ઈવોલ્યુએશન ઑફ અન્ડરસ્ટેન્ડિંગ વિષયે ચિંતન રજૂ કર્યું હતું. પ્રાધ્યાપક ડૉ. પ્રીતિ પટેલ અને નેહલ રામીએ કાર્યક્રમની સફળતા માટે જહેમત ઉઠાવી હતી.